પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૨૬૬ | ૮ ડિસેમ્બર, ૨૦૧૯, રવિવાર; માગસર સુદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# ઉન્નાવની પિડીતાના મોતથી દેશભરમાં રોષ

## મહિલા સુરક્ષા મામલે દિલ્હી રાજઘાટ થી ઈન્ડિયા ગેટ વચ્ચે યોજાયેલ કેન્ડલ માર્ચમાં પોલીસ દમન સામે દેશભરમાં રોષ : મહિલા સુરક્ષાના મામલે ભાજપના બેવડાં ધોરણો બહાર આવ્યાં : સંસદમાં ગાજી-ગાજીને બોલનાર સ્મૃતિ ઈરાની કેન્ડલ માર્ચ મુદ્દે મૌન કેમ? - ચર્ચાતો પ્રશ્ન

ન્યુ દિલ્હી,તા.૭

દેશની રાજધાની દિલ્હીમાં ઉન્નાવ અને હૈદરાબાદ ગેંગરેપને લઈને સરકારનું ધ્યાન ખેંચવા દિલ્હી મહિલા આયોગના અધ્યક્ષ સ્વાતિ માલીવાલનની આગેવાનીમાં આજે સાંજે રાજઘાટથી ઈન્ડિયા ગેટ સુધીની કેન્ડલ માર્ચને અટકાવવાનો પ્રયાસ કરતાં પોલીસ અને કાર્યકરો વચ્ચે ઘર્ષણ સર્જાયું હતું. સ્વાતિ માલીવીલ આપ પાર્ટીના હોવાથી કેન્દ્ર સરકાર હસ્તકની પોલીસે તેમને અટકાવતાં ભાજપની મહિલા સુરક્ષાના મામલે બેધારી નીતિ ખુલ્લી પડી હોવીનું ચિત્ર ઉપસી રહ્યું હતું. પોલીસે આંદોલનકારીઓને વિખેરવા કડકડતી છંડીમાં પાણીનો મારો ચલાવતા મામલો ઓર બિચક્યો હતો. સંસદમાં મહિલા સુરક્ષાના મામલે કોંગ્રેસને આડેહાથે લેનાર મહિલા મંત્રી સ્મૃતિ ઈરાની પોલીસના બળ પ્રયોગ અંગે મૌન સેવ્યું હતું. અને મહિલા સુરક્ષાના મામલે જાણે કે રાજકીય કેન્દ્ર દ્વારા ભેદભાવ રખાતું હોય એવો આરોપ પણ થયો હતો.

સૂત્રોએ કહ્યું કે ૨૦૧૨માં નિર્ભયા કાંડને લઈને દિલ્હીમાં દિવસો સુધી ભાજપ અને તેની સંસ્થાઓએ કેન્ડલ માર્ચ અને ધરણાં દેખાવો તે વખતની કેન્દ્ર સરકાર સામે કર્યા ત્યારે તે વખતે આવો કોઈ બળ પ્રયોગ કે મહિલા સુરક્ષાના મુદ્દે આંદોલનકારીઓને અટકાવવાના ભાગ્યે જ પ્રયાસો થયા હશે.

સૂત્રોએ કહ્યું કે આજે સાંજે કેન્ડલ માર્ચનું આયોજન આપ સરકારના મહિલા આયોગ દ્વારા મહિલાઓની સુરક્ષાના મામલે યોજવામાં આવી ત્યારે કેન્દ્રીય હસ્તકની પોલીસ દ્વારા તેને અટકાવતાં મામલો ગરમાયો હતો. અને લોકો વિફર્યા હતા. રેલીમાં જોડાયેલા અને વિફરેલા લોકોએ પોલીસ બેરીકેડને તોડીને રેલીને આગળ વધારવાનો પ્રયાસ કર્યો હતો. પોલીસે આ રેલીને અટકાવવા અગાઉથી જ મોટા પાયે પોલીસનો કાફલો રેલીના સ્થળે ઉતાર્યો હતો. અને બેરિકેડ તોડનારા કાર્યકરો પર દિલ્હીની ઠંડીમાં પાણીનો મારો ચલાવીને દમન ગુજાર્યુ હોવાના આરોપો આપ પાર્ટીએ કર્યો હતો. સંસદમાં બે દિવસ પહેલાં જ કેન્દ્રના મંત્રી ઈરાનીએ મહિલા સુરક્ષાના મામલે કોંગ્રેસની સામે ભારે મારો ચલાવીને પોતે મહિલા સુરક્ષા

● અનુસંધાન પાન-૭ પર

### પીડિતાના પરિવારને જાનથી મારી નાંખવાની ધમકી : અમારી સાથે મારપીટ પણ થઈ છે : પિતા

પીડિતાના પિતાએ કહ્યું કે દીકરીની સાથે રેપની વારદાત બાદથી પ્રધાનના ઘરેથી આખા પરિવારને જાનથી મારી નાંખવાની ધમકી મળતી રહી અને અમારી સાથે મારપીટ પણ કરી. તેમણે યોગી સરકાર પાસે ન્યાયની મદદ માંગતા કહુયં કે અમે પૈસા કે કોઈ વસ્તુના લાલચી નથી, અમે ઈચ્છીએ છીએ કે આરોપીઓને સજા થાય અને અમને ન્યાય મળે. જેથી કરીને અમારી દીકરીના આત્માને શાંતિ મળી શકે.



### ઉન્નાવ પીડિતાનું મોત અત્યંત દુઃખદ, કેસ ફાસ્ટ ટ્રેક પર ચાલશે : યોગી

લખનઉ,તા.૭

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે ઉન્નાવ ગેંગરેપ પીડિતાના મોતને અત્યંત દુઃખદ ગણાવતા ઉમેર્યું હતું કે, પીડિતાનો કેસ ફાસ્ટ ટ્રેક કોર્ટમાં ચલાવાશે અને તમામ આરોપીઓને કડક સજા કરવામાં આવશે.

યોગીએ જણાવ્યું હતું કે, ગેંગરેપની પીડિતાને સળગાવનાર તમામ આરોપીઓ ઝડપાઈ ગયો છે અને આ કેસ ફાસ્ટ ટ્રેક કોર્ટમાં ચલાવાશે તેમજ આરોપીઓને સજા કરવામાં આવશે. પીડિતાએ ગઈકાલે દિલ્હીની સફદરગંજ હોસ્પિટલમાં છેલ્લા શ્વાસ ભર્યા હતા.

## ઉન્નાવની પીડિતાનું દિલ્હી હોસ્પિટલમાં મોત

### ૪૦ કલાક સુધી જિંદગી માટે જંગ લડ્યા બાદ કરૂણ મોત નિપજ્યું

નવી દિલ્હી, તા. ૭

ઉત્તરપ્રદેશના ઉન્નાવમાં જામીન પર છુટીને બહાર આવેલા આરોપીઓ દ્વારા જીવિત સળગાવી દેવામાં આવેલી રેપ પિડિતાનુ શુક્રવારની મોડી રાત્રે દિલ્હીની સફદરજંગ હોસ્પિટલમાં મોત થતાં આઘાતનું મોજુ ફરી વળ્યું છે. આશરે ૪૦ કલાક સુધી જીવન માટે જંગ લડ્યા બાદ તેનું સફદરગંજ હોસ્પિટલમાં કાર્ડિયેક અરેસ્ટના કારણે મોત થયું હતું. તબીબોનું કહેવું છે કે, પીડિતાનું શરીર ૯૦ ટકા સુધી દાઝી ગયું હતું અને તેને બચાવવાની બાબત તબીબો માટે પણ ખુબ મુશ્કેલ હતી છતાં પણ તમામ પ્રયાસો કરવામાં આવ્યા હતા. ઉન્નાવમાં બિહાર પોલીસ સ્ટેશન વિસ્તારમાં રેપ પીડિતા પર ગુરુવારે વહેલી પરોઢે પાંચ લોકોએ હુમલો કર્યો હતો અને તેને જીવતી સળગાવી હતી. ટ્રેન પકડવા માટે ગુરુવારે વહેલી પરોઢે તે બેસવારા બિહાર રેલવે સ્ટેશન તરફ જઈ રહી હતી ત્યારે મૌરામોડ ઉપર ગામના હરીશંકર ત્રિવેદી, કિશોર, શુભમ, શિવમ અને ઉમેશે તેને ઘેરી લીધી હતી અને તેના ઉપર ચાકુ અને લાકડાથી પ્રહાર કર્યા હતા. જમીન પર પડી ગયા બાદ આરોપીઓએ તેના પર પેટ્રોલ છાંટીને આગ ચાંપી દીધી હતી.

### મારી બહેનના હત્યારાઓને ફાંસીએ લટકાવી દો : પીડિતાનો ભાઈ

ઉન્નાવના દર્દનાક રેપ કાંડ બાદ પીડિતાને કોર્ટમાં જતી વખતે આંતરીને જીવતી સળગાવનાર નરાધમોને કડક સજા કરવાની માંગ પીડિતાના ભાઈએ કરી છે. બહેનના મોત બાદ ભાઈએ જણાવ્યું કે 'મારી બહેનને ત્યારે જ ન્યાય મળ્યો ગણાશે જ્યારે આરોપીઓને એ સ્થાને મોકલાશે જ્યાં મારી બહેન જતી રહી છે.

તેણે મને કહ્યું હતું કે- ભાઈ મને બચાવી લે. હું ખુબ જ દુઃખી છું કે હું તેને બચાવી ના શક્યો.' પીડિતાના ભાઈએ આરોપીઓને એંકાઉન્ટરમાં ઠાર કરવા અથવા ફાંસીએ લટકાવી દેવાની માંગ કરી હતી.

# ઝારખંડમાં બીજા તબક્કામાં ૬૩ ટકા મતદાન

### સિસઇમાં પોલીસની રાઇફલ છિનવવાના પ્રયાસમાં એક્નું મોત : મુખ્યમંત્રી રઘુવર દાસ સહિતના દિગ્ગજ નેતાઓના ભાવિ ઇવીએમમાં કેદ

રાંચી,તા.૭

નક્સલવાદગ્રસ્ત ઝારખંડ રાજ્યની વિધાનસભાની ૮૧ બેઠકોની ચૂંટણીમાં બીજા તબક્કામાં આજે શનિવારે ૨૦ બેઠકો માટે મતદાન યોજાયું હતું. તેમાં મુખ્ય પ્રધાન રઘુવર દાસની જમશેદપુર પૂર્વ બેઠકનો પણ સમાવેશ થાય છે, તેમની સામે બળવાખોર નેતા સરયુ રાય ચૂંટણી જંગના મેદાનમાં છે. આજની ૨૦ બેઠકો પર કુલ ૨૬૦ ઉમેદવારો ચૂંટણી લડી રહ્યા છે. તમામ મતદાન મથકો પર સુરક્ષાની ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. ૨૦માંથી બે બેઠકોમાં સાંજના ૫ વાગ્યા સુધી તો બાકીની ૧૮ બેઠકો માટે બપોરના ૩ વાગ્યા સુધીના મતદાનમાં અંદાજે ૬૦ ટકા મતદાન નોંધાયું હતું. સિસઈમાં સુરક્ષા દળ અને ગ્રામીણોની અથડામણમાં કરવામાં આવેલા ગોળીબારમાં એકનું મોત થયુ હતું જ્યારે અન્ય બે ઘાયલ થયા હતા. સિસઈને છોડીને અન્ય તમામ વિધાનસભા વિસ્તારમાં શાંતૂપૂર્ણ મતદાન ચાલુ છે. આ ઉપરાંત ચૂંટણી ફરજ પરના એક પોલીસ કર્મીનું હાર્ટએટેકથી નિધન થયું હતું.

ઝારખંડમાં બીજા તબક્કામાં ૩ વાગ્યા સુધી ૬૦ ટકા મતદાન થયુ છે. સૌથી વધુ સિસઈ બેઠક પર ૬૮.૬ ટકા મતદાન થયુ છે. જ્યારે બહરાગોડા વિધાનસભા બેઠક પર ૬૮.૩૮ ટકા મતદાન થયુ છે. ઝારખંડની ૧૮ બેઠકો પર મતદાન પૂર્ણ થયુ છે.

ઝારખંડમાં મતદાન દરમિયાન હાર્ટ એટેક આવતા એક પોલીસ જવાનનું મોત થયુ હતું. આ ઘટના પૂર્વી સિંહભૂમ વિસ્તારમાં બની હતી.


● અનુસંધાન પાન-૭ પર

# બદલાની ભાવના સાથે ન્યાય યોગ્ય ન ગણાય : સીજેઆઈ

**હૈદરાબાદ એન્કાઉન્ટર મુદ્દે પ્રતિક્રિયા : ગેંગરેપ કેસમાં વિવિધ પ્રતિક્રિયાઓ વચ્ચે બોબડેનો મત**

નવીદિલ્હી, તા. ૭

હૈદરાબાદમાં એક મહિલા પશુ ચિકિત્સકની ગેંગરેપ બાદ હત્યાના મામલામાં જોરદાર વળાંક આવી ગયો છે. પોલીસ દ્વારા ચારેય નરાધમોને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા બાદ આને લઈને જુદી જુદી પ્રતિક્રિયાઓ આવી રહી છે. આને લઈને એક વર્ગ ખુશ છે જ્યારે બીજા વર્ગમાં નારાજગી જોવા મળી રહી છે. આ મામલામાં હવે ભારતના મુખ્ય ન્યાયાધીશ શરદ અરવિંદ બોબડેની પણ પ્રતિક્રિયા આવી છે. તેમણે કહ્યું છે કે, જો આ બદલાના ઈરાદા સાથે એન્કાઉન્ટર કરવામાં આવ્યું છે તો ન્યાય હાઈ શકે નહીં. જો બદલાની ભાવનાથી કામ કરવામાં આવે તો ન્યાય પોતાનું ચારિત્ર્ય ગુમાવી દે છે. બીજી બાજુ મામલો સુપ્રીમ કોર્ટમાં પહોંચી ચુક્યો છે. આ મામલામાં જુદા જુદા પ્રત્યાઘાતો આવી રહ્યા છે. સીજેઆઈના નિવેદનને પણ ખુબ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. ગઈકાલે હૈદરાબાદ ગેંગરેપ



● અનુસંધાન પાન-૭ પર

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225



ગાંધીનગરની સંસ્કારી નગરીમાં શાંત અને રમણીય વાતાવરણ સાથે
ગુજરાતની પારંપારિક સંસ્કૃતિની ઝાંખી કરાવતું
વિવિધ ગુજરાતી ભોજન - વ્યંજનના રસથાળનું જમણ એટલે...
bansari
TRADITIONAL
ભાતીગળ ભોજનનો આસ્વાદ
(A.C Restaurant)
Managed by :
maa FOODS
101, First Floor, Haveli Arcade, Near Hotel Fortune inn Haveli,
Sector-11, Gandhinagar-382010. M. : 8871887159, M. 8160053460

Intraday Free Brokerage
In CASH-F&O-OPTION
with 50 Times Limit.
Free D'Mat with
"0" Balance Bank A/C
Call-99747 03401

R K VACATIONS PVT. LTD.
ગોવા 3N- 4D ₹13999
થાઈલેન્ડ 5N- 6D ₹27999
દુબઈ 5N- 6D ₹59999
સિંગાપોર મલેશિયા થાઈલેન્ડ 7N- 8D ₹74999
એર ટીકીટ,હોટલ સ્ટે, બ્રેકફાસ્ટ, ડિનર, એરપોર્ટ ટ્રાન્સફર, સાઈટ સીઈંગ
+91 79 61 61 35 35
+91 79 40 40 35 35

## પાવન પ્રણામ



जातस्य हि ध्रवो मृत्यु
- र्धुवं जन्म मृतस्य च ।
तस्मादपरिहार्येऽर्थे
न त्वं शोचितुमर्हसि ॥

॥ श्रीमद भगवद गीता २:२७ ॥

જન્મેલાનું મૃત્યુ નક્કી છે અને
મરેલાનો જન્મ નક્કી છે.
તેથી ટાળી ન શકાય એવી આ બાબતમાં
શોક કરવાનું તારા માટે યોગ્ય નથી.

॥ શ્રીમદ ભગવદ્ ગીતા ૨:૨૭ ॥

**સ્વ. રમેશચંદ્ર રણછોડલાલ વ્યાસ**
સ્વર્ગવાસ તા. ૪/૧૨/૨૦૧૯

ગં.સ્વ. અવંતિકાબેન રમેશચંદ્ર વ્યાસ

પંકજ વ્યાસ, કિશોરી વ્યાસ | મનોજ વ્યાસ, બિંદુ વ્યાસ | કલ્પનાબેન મહારાજા, અમીતકુમાર મહારાજા | વંદના જહા, પ્રકાશ જહા